ફોજદારી કેસઃ

<u>**આંક ૧ લગત હુકમ**</u>

૧) હાલના કામે પોલીસ દ્વારા આરોપી સામે મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૮૫ મુજબનાં ગુનાના કામે પ્રથમ બાતમી અહેવાલ નોંધી તપાસનાં અંતે આખરી અહેવાલ (ચાર્જશીટ) રજુ કરેલ છે.

૨) આ તબક્કે નામ. કેરલ હાઈકોર્ટનાં MEHABOOB Vs. THE STATE (Crl.MC.No. 702 of 2011) ના ચુકાદાનાં પેરા ચુકાદાના - ૧૧ જે સરળતા સારૂ નીચે નોંધેલ છે તે ધ્યાને લેવા જરૂરી બને છે.

11. The above discussion leads me to the conclusion that cognizance taken by the learned Magistrate of offences punishable under Secs. 184 and 185 of the code on a chargesheet submitted by the police officer after an investigation in violation of Sec. 155(2) of the code is illegal and for reasons I have stated, the said chargesheet cannot also be deemed to be complaint as defined under Sec. 2(d) of the Code. Cognizance taken being illegal is liable to be quashed.

૩) નામ. કેરેલા હાઇકોર્ટે ઉક્ત ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે પોલીસે એમ.વી.એક્ટ – ૧૮૫ એ નોન કોગનીઝેબલ ગુનો હોઈ પોલીસે તપાસ સારૂ ભારતીય ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ – ૧૫૫(૨) મુજબ સંબધીત જ્યુડી. મેજીસ્ટ્રેટની પુર્વ મંજુરી લેવી જરૂરી બને છે. આ કામે રેકર્ડ જોતા સદર મંજુરી મેળવેલ ના હોઈ હાલની પોલીસે કરેલી તપાસ અને તે પરથી કરેલ ચાર્જશીટ ભારતીય ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ – ૧૫૫(૨) ધ્યાને લેતા તેમજ નામ. કેરેલા હાઈકોર્ટનાં ચુકાદાના પ્રતિપાદીત સિધ્ધાંત ધ્યાને લેતા દુર્ષિત બને છે.

૪) આમ, ઉક્ત હકીકતે આરોપી વિરૂધ્ધ આક્ષેપ એમ.વી. એક્ટની કલમ – ૧૮૫ નો હોય અને ભારતીય ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ – ૧૫૫(૨) ની જોગવાઈઓ તેમજ નામ. કેરેલા હાઈકોર્ટનાં MEHABOOB Vs. THE STATE (Crl.MC.No. 702 of 2011) ના ચુકાદાના ઉક્ત નોંધેલ પ્રતિપાદીત સિધ્ધાંત ધ્યાને લેતા કાર્યવાહી આગળ ચલાવી શકાય તેમ ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>**હુકમ**</u>

હાલનાં આખરી અહેવાલ (ચાર્જશીટ) ના આધારે ઉત્પન થયેલ ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ – ૧૫૫(૨) ની જોગવાઈઓથી બાધીત હોય આગળની કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ – ૨૫૮ મુજબ સ્થગીત કરી આરોપીને છોડી (ડીસ્ચાર્જ) મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

તાઃ૧૨-૦૩-૨૦૨૨
સ્થળઃસુરત

અતીત એમ.મેહતા
જ્યુડી.મેજી. ફસ્ટ ક્લાસ,સુરત